

• પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર, ગુરુગાદી - સારસાપુરી •

સત્ કૈવલ સાહેબ

॥ શ્રી કરુણાસાગર વિજયતે. ॥

આ ભવરૂપી અપાર સમુદ્રમાં આત્માના કર્મબંધમાં મુકતી (મોક્ષ) રૂપી મોતી ઘણા ગોતાખોરો રૂપી સંતો, સજ્જનો થઈ ગયા.

આ મોતી ને શોધવા શોધખોળ રૂપી સાધના અર્થાત તાલીમ (જ્ઞાન) મુકતા ગયા.


આવુ જ કૈવલ્ય જ્ઞાન આ પ્રસ્તુત પુસ્તીકામાં કૈવલધામ નિવાસી કનુભાઈ-મિસ્ત્રી રહેણાક શાહપુર (ભાનુનગર) અમદાવાદ તરફથી હસ્તલિખીતમાં મળેલ છે.

મારી પાસે ઝેરોક્ષ (નકલ) સ્વરૂપે ઈમાજિન શણનરીયા પાસેથી મળેલ પરંતુ હું જાણતો ના હતો કે આ પ્રસ્તુત ક્યાંથી અને કોણ લેખક છે. જે મને મનસુખભાઈ-ધારેશ્વર વાળા સંત્સંગી કૈવલી ગુરૂજી પાસેથી જાણવા મળ્યું.

નિરખતા એવુ લાગ્યું કે કનુભાઈ જે હાલમાં કૈવલધામ નિવાસી છે. જેણે સારી એવી મહેનત થી આ કાર્ય કર્યું. તો પરમગુરૂ ની કૃપાથી photos to PDF માં રૂપાંતર કરી આ Digital copy સમાજ આગળ મુકવામાં આવે અસ્તુ...

મહદ સજાણ જાણ-સ્વરૂપ

પિંડ+બ્રહ્માંડની સંધી



1. પ્રકાશ બ્રહ્મ
2. ચક્ષ-સત્વ
3. સોહંમ પ્રાણવ
4. ઓહંમ પ્રાનવ
5. નિરંજન તત્વ
6. રંરંકાર પ્રાણવ
7. બિંદુ પ્રકાશ
8. નાદ

- તમોગુણ — મકાર માત્રા
- સત્વગુણ — ઉકાર માત્રા
- રજોગુણ — અકાર માત્રા

સમય પળ	તત્વ	પ્રાણવનીચાલ	રંગ તત્વનો
૧૦	આકાશતત્વ	૩ા થી ૨	શ્યામ
૨૦	વાયુતત્વ	૮	લીલો
૩૦	અગ્નિ તત્વ	૪	લાલ
૪૦	જળ તત્વ	૧૬	સફેદ
૫૦	પૃથ્વી તત્વ	૧૨	પીળો


નિરંજન તત્વ

પિંગલા નાડી — રેચક શ્વાસ સોહંમ - વિકાશ મહાતત્વ અળ શક્ષ સત્વ


કુંભસ્થ મહાતત્વ અનંગ ચક્ષ સત્વ

પુરક શ્વાસ - ઓહંમ — ઈંગલા નાડી - અવ્યાકૃતતત્વ આવિકાશ મહાતત્વ વર્ગજ્ઞાન ચક્ષસત્વ


સત્કૈવલ સાહેબ



ચિત્રકાર રાજુ દાસ
અમદાવાદ



• પુરુષ આકૃતિ •







• સ્ત્રી આકૃતિ •


સ્થૂલદેહની પાંચ જ્ઞાનેંદ્રિય ની ઉત્પત્તિ
સત્વગુણી- અંશ થી

	જ્ઞાનેંદ્રિય	દેવતા	માત્રા	તત્વ	કાર્ય	આકૃતિ
૧	કર્ણ	દિગ્કપાલ દેવતા	શબ્દ	આકાશ	શબ્દ શ્રવણ	
૨	ત્વચા	વાયુ દેવતા	સ્પર્શ	વાયુ	શિતોષ્ન પર્સ	
૩	ચક્ષુ	સૂર્ય દેવતા	રૂપ	અગ્નિ	રૂપ નિરીક્ષણ	
૪	જીહ્વા	વરુણ દેવતા	રસ	જલ	રસાસ્વાદ શ્રદ્ધા તૃપ્તિ	
૫	નાસિકા	અશ્વની કુમાર	ગંધ	પૃથ્વી	સુગંધ. દુર્ગંધન આકાંક્ષા	

સ્થૂલદેહની પાંચ કર્મઈન્દ્રિય ની ઉત્પત્તિ
રજોગુણ અંશથી

	કર્મ ઈન્દ્રિય	દેવતા	માત્રા	તત્વ	કાર્ય	આકૃતિ
૧	મુખ	અગ્નિ દેવતા	શબ્દ	આકાશ	શબ્દો ઉચ્ચાર-આ	
૨	હસ્ત	ઈન્દ્ર દેવતા	સ્પર્શ	વાયુ	સ્પર્શ કરવો. ગ્રહણ-	
૩	પાદુ	ચરુ દેવ-પૃથ્વી	રૂપ	અગ્નિ	ચાલવું ગમન	
૪	લિંગ	બ્રહ્મ દેવતા	રસ	જલ	રસા ત્યાગ વિષય-	
૫	ગુદા	ગણપતિ દેવ (યમ)	ગંધ	પૃથ્વી	મળત્યાગ મળવિસર્જ આરોગ્ય	


સત્ કેવલ




ૐકાર ધ્યાન

મહદ પ્રમાણ અણુ સ્વરૂપ

વિરાટ દર્શન




વૈરાટ દેહ
પ્લાન
બ્રહ્મ દેવતત્વ
રજોગુણ પાંચ ભાગ કુલ ૧૦
અહંકારગણ
સ્વાકાશગ.
અચંતગણ
સત્વગુણ
તમોગુણ
શિવજી
ડાબુ ચરણ
જમણુ ચરણ
વિષ્ણુ દેવ
રજોગુણ
સત્વગુ.
અચંતગ.
અહંકારગ.
સ્વાકાશ
તમોગુણ
અહંકારગણ
સ્વાકાશ
અચંતગ.
તમોગુણ પાંચ ભાગ - કુલ ૧૦
સત્વગુણ પાંચ ભાગ = દશ
શિવ દેવતત્વ
વિષ્ણુ દેવતત્વ
બ્રહ્મા દેવતત્વ
લિંગ
ડાબો હાથ
જમણો હાથ
મેડક દેવતત્વ
કુર્મ દેવતત્વ
સ્વાકાશગણ - પાંચભાગ કુલ ૧૦
અચંતગણ - ૫ - ભાગ કુલ ૧૦
સત્વગુણ
તમોગુણ
રજોગુણ
અહંકારગણ
અચંતગણ
સ્વાકાશગણ
મેડકદેવ
કુર્મ દેવ
શિર
શેષ
દેવતત્વ
સ્વાકાશ ગણ
રજોગુણ
અચંતગણ
સત્વગુણ
તમોગુણ
શેષ દેવ
અહંકારગણ - ૫ ભાગ કુલ દશ

(૯)

ઈચ્છાવૃત્તિ થી
બોતેર તત્વોની ઉત્પત્તિ

પંચમ સુક્ષ્મવેદ

૧ સ્થૂલદેહ →	૨૨	તત્વોનો
૨ સુક્ષ્મદેહ →	૨૨	તત્વોનો
૩ કારણદેહ →	૨૨	તત્વોનો
૪ મહાકારણદેહ →	૪	તત્વનો
૫ પરમકારણદેહ →	૨	તત્વનો
૭૨ કુલતત્વો		

સત્વશૂન્યમાત્રા
↓
નિરંજન તત્વ
અર્ધમાત્રા
અવ્યાકૃત તત્વ
(નિરંજન તત્વ, અવ્યાકૃત તત્વ) > પરમકારણદેહ (૨)


← શુન્ય વિભાગ   ગણ વિભાગ →

આનંદતત્વ કારણ → પ્રકૃતિતત્વ કારણ
મહતત્વ કારણ → ધનંજય તત્વ કારણ
(આનંદતત્વ કારણ, પ્રકૃતિતત્વ કારણ) — મહાકારણદેહ (૪) — (મહતત્વ કારણ, ધનંજય તત્વ કારણ)


	રજો ગુણ		સત્વ ગુણ		તમો ગુણ
	૧૦ - આકાંક્ષા		૫ - અંતઃકરણ ૫ - અવસ્થા		૧૦ - કાળ
૧	શ્રવણ	૧	ચિત -	૧	કામના
૨	શિતોષ્ણ	૨	ચિત	૨	પૃથક
૩	નિરીક્ષણ	૩	અહંકાર	૩	અજ્ઞાન
૪	ક્ષુધા તૃષા	૪	બુદ્ધિ	૪	સ્વભાવ
૫	સુગંધ	૫	મન	૫	દ્વેષ
૬	ઉચ્ચાર	૧	ઉન્મુની	૬	આક્રાંત
૭	ગ્રહણ	૨	તુર્યા	૭	આશ્ચર્ય
૮	ગમન	૩	સુષુપ્તિ	૮	રાગસ
૯	વિષય	૪	સ્વપ્ન	૯	વિપરીત
૧૦	મળ વિસર્જન	૫	જાગ્રત	૧૦	વૃદ્ધિ અંત
૧	સ્થૂલદેહ	૨	સુક્ષ્મદેહ	૩	કારણ દેહ
	(૨૨)		(૨૨)		(૨૨)


	અહંકાર ગણ		સ્વાકાશ ગણ		અચંતગણ
	૫ - માત્રા ૫ - ભૂત		૫ - સંભસકરણ ૫ - વ્યવસ્થા		દશ - ભાવના
૧	શબ્દ માત્રા	૧	સમતા સંભસકરણ	૧	અરમ
૨	સ્પર્શ માત્રા	૨	સંતોષ "	૨	સ્તંભ
૩	રૂપ માત્રા	૩	શીલ "	૩	વિસર્જન
૪	રસ માત્રા	૪	સરેજ "	૪	નિંદ્રા
૫	ગંધ માત્રા	૫	શાંત "	૫	અંધતમ
૧	આકાશ તત્વ	૧	સામાન્ય વ્યવસ્થા	૬	આચેત
૨	વાયુ-તત્વ	૨	કુંભ "	૭	ઉચ્ચાટ
૩	અગ્નિ તત્વ	૩	ગલિત "	૮	અભાવ
૪	જલ તત્વ	૪	ઉદાર "	૯	મૌન
૫	પૃથ્વી તત્વ	૫	સ્થિતિ "	૧૦	અસામર્થ્ય
૧	સ્થૂલદેહ	૨	સુક્ષ્મ.	૩	કારણદેહ.
	(૨૨)		(૨૨)		(૨૨)

અનામી અનંત બ્રહ્માંડાધિશ વિશ્વકર્તા સરજનહાર ના નામે



સપ્તભૂમિકા-પ્લાન




કૈવલ
મદદગતિ
સપ્ત ભૂમિકા પ્લાન
શુભેચ્છા
૧
સ્થૂલ દેહ
સુવિચારણા
૨
સૂક્ષ્મ દેહ
તનુમાનસા
૩
કારણ દેહ
સત્વાપતિ
મહાકારણ દેહ
પરમ કારણ દેહ
પ્રણવ શરીર
અંશ શરીર
અંશ
અકકલ
અંશની ઇલક્ષણો

સપ્ત ભૂમિકા ધ્યાન

	ભૂમિકા	દેહ	તત્ત્વ	માત્રા	અવસ્થા	અંતઃકરણ	દેવ અધિષ્ઠાન	દેહના અધિષ્ઠાને	કેટલા તત્વો નો દેહ	કયા તત્વો	કયા તત્વો	સ્થાન
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	શુભેચ્છા	સ્થૂલ	પૃથ્વી	ગંધ	જાગ્રત	મન	દ્વૈત સંઘમાં	રજોગુણ	૨૨	રજોગુણની ૧૦ આકાંક્ષા	અહંકારની ૫- ભૂત ૫- માત્રા	નેત્રસ્થાને
							દેહના અધિસ્થ	બ્રહ્મા				
૨	સુવિચારણા	સુક્ષ્મ	જળ	રસ	સ્વપ્ન	બુધ્ધિ	બ્રહ્મા	સત્વગુણ	૨૨	સત્વગુણના ૫- અંતઃકરણ ૫- અવસ્થા	સ્વાકાશ ૫- સંભસ. ૫- વ્યવસ્થા	કંઠસ્થાને
							દેહના અધિસ્થા	વિષ્ણું				
૩	તનુમાનસા	કારણ	અગ્નિ	રૂપમાત્રા	સુષુપ્તિ	અહંકાર	રૂદ્ર	તમોગુણ	૨૨	તમોગુણના ૧૦ – ગાળ	અચલતગણ ની ૧૦ ભાવના	હૃદય સ્થાન
							દેહના અધિસ્થાન	શંકર		૨ +	૨	
૪	સત્વાપતિ	મહાકારણ	વાયુ	સ્પર્શ	તૂર્યા	ચિત્ત	નારાયણ	અવ્યાકૃત	૪	આનંદતત્વ પ્રકૃતિતત્વ	મહતત્વ ધનંજયતત્વ	નાભી સ્થાન
							દેહના અધિસ્થાન	અવ્યાકૃત દેવતત્વ				
૫	અસમ શક્તિ	પરમ કારણ	આકાશ	શબ્દ	ઉન્મુની	નચિંત	નિરંજન	નિરંજન	૨	નિરંજન તત્વ	અવ્યાકૃત તત્વ	બ્રહ્મરંધ્ર સ્થાન
							દેહના અધિસ્થાન	પુરૂષ જ્યોતિ તત્વ		સ્થાન		
૬	પ્રદાર્થ અંતભાવની	પ્રણવ દેહ	સોહંમ પ્રણવ		અવ્યક્ત મહાન અનુભવ	ચિદા ભાસ	નિજમન પ્રાણવનીચલક	બ્રહ્મ		સોહંમનું સ્થાન પૂરક શ્વાસ	મધ્યે	
							દેહના આધિસ્થાન	પ્રકાશ				
૭	તટસ્થ પ્રાય જડ સંગી	અંશ સ્વયં મેવ શરીર	સોહંમ પ્રણવ		સહજ શુન્ય	ચિદ્	ચૈતન્ય અંકૂર	કૈવલ	ગહદ. સાબાણભાણ ત્વાકાર	રેચક શ્વાસ સોહમ પ્રણવ	ની મધ્યે નું સ્થાન	અંશ અંશી પદની એકતા

	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
	કાર્ય	જ્ઞાનેન્દ્રિય	દેવતા	કર્મઇન્દ્રિય	દેવતા	પ્રકૃતિ ૧	પ્રકૃતિ ૨	પ્રકૃતિ ૩	પ્રકૃતિ ૪	પ્રકૃતિ ૫	તત્વરંગ	સ્વાદ તત્વ.
૧	સ્થિર	નાસિકા	અશ્વની કુમાર	ગુદા	યમતત્વ ગણેશ દેવ	અસ્થિ ૧	માંસ ૨	ત્વચા ૩	નાડી ૪	રોમ ૫	પીળો	મીઠો
૨	સ્થિર	જીભ્યા	વરુણ દેવતત્વ	લિંગ	બ્રહ્માજી	વિર્ય ૧	રૂધિર ૨	મૂત્ર ૩	પરસેવો ૪	લાળ ૫	સફેદ	મધુર
૩	ચર	ચક્ષુ	ચંદ્ર-ડાબી સૂર્ય-જમણી	પાંદુ -	પ્રથ્વીનાદેવ વાયુદેવતત્વ	ક્ષુધા ૧	પિપાસા ૨	આળસ ૩	નિદ્રા ૪	મૈથુન ૫	લાલ	તીખો
૪	ચર	ત્વચા	મારુત દેવતત્વ	હસ્ત	ઇન્દ્રદેવ તત્વ	ચાલવુ ૧	બોલવું ૨	બળકરવું ૩	સંકોચાવું ૪	પ્રસરણ ૫	લીલો	ખાટો
૫	ગુરૂલક્ષ ભજન	કર્ણ	દિક્કપાળ દેવતત્વ	મુખ	અગ્નિ દેવતત્વ	કામ ૧	ક્રોધ ૨	મોહ ૩	લોભ ૪	ભય ૫	કાળો	બેસ્વાદ

	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	
	સ્વભાવ	વસનગતિ	શ્વાસની ચાલ	ગ્રહણ ઇન્દ્રિય	ત્યાગ ઇન્દ્રિય	વાર	કાર્ય	પિંડનોવાયુ	બ્રહ્માંડનો વાયુ	દિશા		
૧	વૈશ્ય	મધ્યે	૧૨ આંગળ	નાસિકા ગંધમાત્રા	ગુદા	બુધવાર પૃથ્વી	સ્થિર	અપાન	કૂર્મ	પૂર્વ		
૨	બ્રાહ્મણ	નીચે	૧૬ આંગળ	જીભ્યા રસમાત્રા	લિંગ	સોમવાર જળતત્વ	સ્થિર	પ્રાણવાયુ	કૃકલ	દક્ષિણ		
૩	ક્ષત્રિય	ઉપર	૪ આંગળ	ચક્ષુ રૂપમાત્રા	પાદ	રવિવાર શુક્રવાર અગ્નિ	ચર	ઉદાન	દેવદત્ત	પશ્ચિમ		
૪	શુદ્ર	તીરછસ	૮ આંગળ	ત્વચા સ્પર્શમાત્રા	હસ્ત	ગુરૂવાર મંગળવાર વાયુ	ચર	વ્યાન	નાગ	ઉત્તર		
૫	૦	શૂન્યસમ	[illegible] આંગળ	કર્ણ શબ્દમાત્રા	મુખ	શનિવાર આકાશતત્વ	ગુરૂ-લઘુ સ્મરણ-	સમાન	ધનંજય	સર્વ વ્યાપક સિદ્ધ પુરૂષ જાણે - લાભ - અશુભ.		

પંચ જડ તત્વની પચ્ચાસ જડ પ્રકૃતિઓની ઉત્પતિ.

	વાયુ	મળીને	પ્રકૃતિ	ઉત્પન્ન થઈ છે.
૧	સમાન	મળીને	લોભ	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૨	વ્યાન	મળીને	કામ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૩	ઉદાન	મળીને	ક્રોધ	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૪	પ્રાણ	મળીને	મોહ	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૫	અપાન	મળીને	ભય	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૧	સમાન	મળીને	પ્રસરન	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૨	વ્યાન	મળીને	ધાવન	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૩	ઉદાન	મળીને	બોલવું	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૪	પ્રાણ	મળીને	સંકોચન	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૫	અપાન	મળીને	ચલન	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૧	સમાન	મળીને	નિંદ્રા	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૨	વ્યાન	મળીને	મૈથુન	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૩	ઉદાન	મળીને	આળસ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૪	પ્રાણ	મળીને	તૃષા	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે
૫	અપાન	મળીને	ક્ષુધા	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૧	સમાન	મળીને	વિર્ય	પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે.
૨	વ્યાન	મળીને	રુધિર	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૩	ઉદાન	મળીને	પરસેવો	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૪	પ્રાણ	મળીને	મુત્ર	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૫	અપાન	મળીને	લાળ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૧	સમાન	મળીને	રોમ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૨	વ્યાન	મળીને	ત્વચા	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૩	ઉદાન	મળીને	નાડી	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૪	પ્રાણ	મળીને	માંસ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.
૫	અપાન	મળીને	અસ્થિ	પ્રકૃતિ ઉત્પન્ન થઇ છે.

વેદમત અનુસાર ૨૫ પ્રકૃતિની ઉત્પતિ. પ્લાન. કોઠો.

વિભૂતી→

વિભુ = બ્રહ્મ   વિ = વિશેષ ભૂ = ભૂત એટલે તત્વ

ઈતિ = સત્વમાત્રા = વિભૂતિ

વિભૂતત્વ = વિભુ = બ્રહ્મ

તત્વ = ગાને (મહાતત્વ) ૧ અવિનાશ ૨ વિનાશ. ૩ કુટસ્થ મહાતત્વ

સચિદાનંદ =

(૧) સદ = બીજ ⟶ મહાતત્વ = પ્રણવ

(૨) ચિદ = અંકુર ⟶ સત્વ અંકુર = પ્રણવ તત્વનું અંકુર – જડ અંકુર

(૩) આનંદ = સ્ફુરણા એટલે પ્રણવ તત્વમાંથી નિરંજન તત્વનું ઉત્પન્ન થવું

મહાતત્વના ત્રણ વિભાગ

(૧) વિનાશ મહાતત્વ ⟶ પ્રણવ તત્વનો વિનાશ થવો

(૨) અવિનાશ મહાતત્વ ⟶ એટલે વિનાશ થયેલુ નહિ

(૩) કુટસ્થ મહાતત્વ ⟶ પ્રણવનું રોકાવું કે સ્થિર થવું

પંચ તત્વની (જડ) પચ્ચીસ જડ પ્રકૃતિ ઓની ઉત્પતિ.

	પાંચ પ્રકૃતિ	બ્રહ્માંડ	'ના	તત્વ	નો	વાયુ	સાથે	પિંડ	ના	તત્વ	નો
	આકાશ તત્વની પંચ પ્રકૃતિ										
(૧)	લોભ	બ્રહ્માંડ	ના	આકાશ તત્વ	નો	ધનંજય	સાથે →	પિંડ	ના	આકાશ	નો
(૨)	કામ	બ્રહ્માંડ	ના	આકાશ તત્વ	નો	ધનંજય	સાથે →	પિંડ	ના	વાયુ	નો
(૩)	ક્રોધ	બ્રહ્માંડ	ના	આકાશ તત્વ	નો	ધનંજય	સાથે →	પિંડ	ના	તેજ	નો
(૪)	મોહ	બ્રહ્માંડ	ના	આકાશ તત્વ	નો	ધનંજય	સાથે →	પિંડ	ના	જળ	નો
(૫)	ભય	બ્રહ્માંડ	ના	આકાશ તત્વ	નો	ધનંજય	સાથે →	પિંડ	ના	પૃથ્વી	નો
	વાયુ તત્વનો પંચ પ્રકૃતિ										
(૧)	પસરન	બ્રહ્માંડ	ના	વાયુ તત્વ	નો	'નાગ	સાથે →	પિંડ	ના	આકાશ	નો
(૨)	ધાવન	બ્રહ્માંડ	ના	વાયુ તત્વ	નો	નાગ	સાથે →	પિંડ	ના	વાયુ	નો
૩	બોલવું	બ્રહ્માંડ	ના	વાયુ તત્વ	નો	નાગ	સાથે →	પિંડ	ના	તેજ	નો
(૪)	સંકોચન	બ્રહ્માંડ	ના	વાયુ તત્વ	નો	નાગ	સાથે →	પિંડ	ના	જળ	નો
(૧૧)	ચલન	બ્રહ્માંડ	ના	વાયુ તત્વ	નો	નાગ.	સાથે →	પિંડ	ના	પૃથ્વી	નો
	અગ્નિ તત્વનો પંચ પ્રકૃતિ										
(૧)	નિંદ્રા	બ્રહ્માંડ	ના	તેજ તત્વ	નો	દેવદત્ત	સાથે →	પિંડ	ના	આકાશ	નો
(૨)	મૈથુન	બ્રહ્માંડ	ના	તેજ તત્વ	નો	દેવદત્ત	સાથે →	પિંડ	ના	વાયુ	નો
(૩)	આળસ	બ્રહ્માંડ	ના	તેજ તત્વ	નો	દેવદત્ત	સાથે →	પિંડ	ના	તેજ	નો
(૪)	તૃષા	બ્રહ્માંડ	ના	તેજ તત્વ	નો	દેવદત્ત	સાથે →	પિંડ	ના	જળ	નો
(૫)	ક્ષુધા	બ્રહ્માંડ	ના	તેજ તત્વ	નો	દેવદત્ત	સાથે →	પિંડ	ના	પૃથ્વી	નો
	જલ તત્વની પંચ પ્રકૃતિ										
(૧)	વિર્ય	બ્રહ્માંડ	ના	જલ તત્વ	નો	કુકલ	સાથે →	પિંડ	ના	આકાશ	ના
(૨)	પરસેવો	બ્રહ્માંડ	ના	જલ તત્વ	નો	કકલ	સાથે →	પિંડ	ના	વાયુ	નો
(૩)	મૂત્ર	બ્રહ્માંડ	ના	જલ તત્વ	નો	કકલ	સાથે →	પિંડ	ના	તેજ	નો
(૪)	રૂધિર	બ્રહ્માંડ	ના	જલ તત્વ	નો	કકલ	સાથે →	પિંડ	ના	જળ.	ના
(૫)	લાળ	બ્રહ્માંડ	ના	જલ જતત્વ	નો	કુકલ	સાથે →	પિંડ	ના	પૃથ્વી	નો
	પૃથ્વી તત્વનો પંચ પ્રકૃતિ										
(૧)	રોમ	બ્રહ્માંડ	ના	પૃથ્વી તત્વ	નો	કુર્મ	સાથે →	'પિંડ	ના	આકાશ	નો
(૨)	ત્વચા	બ્રહ્માંડ	ના	પૃથ્વી તત્વ	નો	કુર્મ	સાથે →	પિંડ	ના	વાયુ	નો
(૩)	નાડી	બ્રહ્માંડ	ના	પૃથ્વી તત્વ	નો	કુર્મ	સાથે →	પિંડ	ના	તેજ	નો
(૪)	માંસ	બ્રહ્માંડ	ના	પૃથ્વી તત્વ	નો	કુર્મ	સાથે →	પિંડ	ના	જળ	નો
(૫)	અસ્થિ	બ્રહ્માંડ	ના	પૃથ્વી તત્વ	નો	કુર્મ	સાથે →	પિંડ	ના	પૃથ્વી	નો

(૬)

પ્રાણવ દેહ – આત્મા

પ્રાણવ દેહ

(૧) પ્રાણવ તત્વ
છઠ્ઠો દેહ.

પ્રાણવ દેહ - આત્મા
નિરંજન જ્યોતિમાં રૂપાન્તર થયેલી ચાસણી ઓહમ્ પ્રાણવ (આત્મા) પ્રાણવદેહ છઠ્ઠા શરીરમાં પરોવે છે. (આ દેહમાં ચાસણી બીજક રૂપે છે)

સોહમ પ્રાણવ પરમાત્મ

પરમાત્મ

સોહમ - પ્રાણવ - પરમાત્મ
આ આત્મ સ્વરૂપ ~~પરમાત્મ~~ થયેલી ચાસણી સોહમ પ્રાણવરૂપ પરમાત્મ તત્વને પરોવે છે. અને તે રૂપને પામે છે. (પરમાત્મતત્વ)

ત્રણ ચક્ષુસત્વ / સત્વ

ત્રણ ચક્ષુ સત્વ

(૧) અનંગ ચક્ષુ સત્વ
(૨) વર્તમાન ચક્ષુ સત્વ
(૩) કાળ ચક્ષુ સત્વ

પરમાત્મરૂપને પામેલી ચાસણી ત્રણ ચક્ષુસત્વ ફક્ત સત્વ (અંકુર)ને પરોવે છે. અને તે રૂપ (બનેલી ચાસણી સત્વના રૂપાન્તર રૂપે સત્વતત્વને પુષ્ટ કરે છે.

પ્રકાશ બ્રહ્મ

સ્વયં નો પ્રકાશ

નોંધ → પાંચ દેહમાં ચાસણી આકાર નિરાકાર રૂપે છે અને ચાસણી નું રૂપાન્તર પણ તે દેહો ના તત્વોના પ્રમાણે થાય છે. પાંચ દેહ સ્થૂળ રૂપે છે અને છઠ્ઠો દેહ જે છે. તે પાંચ દેહના શ્વાસરૂપે છે અને સાતમો દેહ છે. તે હુંકાર ભાવવાળો છે તેનો સાક્ષી નિજભાણ સ્વરૂપ અંશ છે. પ્રાણવ દેહમાં ચાસણી બીજક રૂપે છે.

પ્રકાશ બ્રહ્મ - માં સત્વના રૂપાન્તરવાળી ચાસણી બ્રહ્મમાં પરોવે છે. અને પ્રકાશ બ્રહ્મ - ભાવ રૂપ બને છે આ બ્રહ્મ ભાવરૂપે બનેલી ચાસણીને હવે ચાસણીની સંજ્ઞા આપી શકાય નહિ.

કારણ કે
તાત્પર્ય સમજવાનું છે કે બ્રહ્મની અંદર સદા અભાવ રૂપે આ ચાસણી પરીવર્તનને પામેલી હોવાથી બ્રહ્મભાવ રૂપે (બ્રહ્મ + અભાવ) આ ચાસણીનું પરિવર્તન રૂપાન્તર થયેલું છે.

નિજ ભાણ સ્વરૂપ અંશ

(૭)

દેહ
અંશને = અંશતત્વરૂપે શરીરનો સંજ્ઞા આપી છે. પણ તે તત્વ રહિત છે.

નિજભાણ સ્વરૂપ - અંશ
આ બ્રહ્મભાવને ભાવી રૂપે કેવલકર્તાનો નિજભાણ સ્વરૂપ અંશ શુન્યાકાશમાં રહીને આ બ્રહ્મમાં અભાવ રૂપે રહેલી તે અંશ ઉપર છલ્લો સ્પર્શ કર્યા સિવાય લે છે.


ચાસણીનું - પ્લાન

ભૂમિકા

૧	શુભેચ્છા	શુભ + ઈચ્છા = એટલે ચૈતન્ય સ્વરૂપાકારના જ્ઞાનની ઈચ્છા થવી તે
૨	સુવિચારણા	સુ = શુભ + વિચારણ = શુભ એટલે ચૈતન્ય સ્વરૂપ અને વિચારણા એટલે અંતઃકરણ દ્વારા વિચારણા કરવી તે
૩	તનુમાનસા	તનુ = શરીર + માનસા = એટલે મન = એટલે તનમન ઉપર અહંતા ધારણ કરી રહેનાર અહંકાર અંતઃકરણ છે તે
૪	સત્વાપતિ	ત્રણ ગુણ ગણના સત્વરૂપે અને પતિ એટલે - ચાર તત્વકારણ ગુણગણનાં પતિપણા રૂપે છે. તે
૫	અસમ શકિત	એટલે, સમ શકિત નહીં તે
૬	પ્રદાર્થ અંત ભાવની	તત્વ પ્રદાર્થનો અંત અને + તેનો અભાવની ભૂમિકા છે.
૭	તટસ્થ તુરીય - બ્રહ્મસંગી	તટસ્થ = ન્યારો - તુરીય — એટલે તુ એકલોજ વિજાતીયથી રહીત એટલે પ્રકાશ - બ્રહ્મથી અસંગ એટલે પ્રકાશ બ્રહ્મના સંગથી રહિત = ન્યારો

• પિંડના પાંચ તત્વ અને તેની માત્રા •

પંચ તત્વ	↔	પંચ માત્રા
૧ પૃથ્વીતત્વ	૧	ગંધ માત્રા
૨ જળ તત્વ	૨	રસ માત્રા
૩ અગ્નિતત્વ	૩	રૂપ માત્રા
૪ વાયુતત્વ	૪	સ્પર્શ માત્રા
૫ આકાશ તત્વ	૫	શબ્દ માત્રા



• બ્રહ્મ સૃષ્ટિના = હંસ સૃષ્ટિના પાંચ તત્વ પાંચ માત્રા • શુધ્ધ દ્વૈત તત્વો

	મહદ શુધ્ધ પાંચ તત્વો		મહદ શુધ્ધ પંચ માત્રા
૧	મહદ શુધ્ધ રજોગુણ	૧	મહદ અવ્યાકૃત શુધ્ધ અમીત માત્રા
૨	મહદ શુધ્ધ સત્વગુણ	૨	મહદ અવ્યાકૃત શુધ્ધ શાંત માત્રા
૩	મહદ શુધ્ધ તમોગુણ	૩	મહદ અવ્યાકૃત શુધ્ધ અશાંત માત્રા
૪	મહદ શુધ્ધ અવ્યાકૃત (આત્મા)	૪	મહદ અવ્યાકૃત શુધ્ધ અર્ધમાત્રા
૫	મહદ શુધ્ધ અવ્યાકૃત પુરુષ	૫	મહદ અવ્યાકૃત શુધ્ધ અમૃતામય ભાસ (પારખ ની માત્રા)

	તત્વ	વૈરાટ માના તત્વો		માત્રા
૧	નિરંજન તત્વ		૧	સત્વ શૂન્ય માત્રા
૨	અવ્યાકૃત તત્વ		૨	અર્ધમાત્રા
૩	તમોગુણ		૩	મકાર માત્રા
૪	સત્વગુણ		૪	ઉકાર માત્રા
૫	રજોગુણ		૫	અકાર માત્રા

	તત્વ	ચક્ર (સાત)	શરીરમાં સ્થાન	
૧	પૃથ્વી તત્વ	→ મુલાધાર ચક્ર	→ ગુદા સ્થાન	૧
૨	જલતત્વ	→ સ્વાધિષ્ઠાન ચક્ર	→ ગુહ્યેન્દ્રીય	૨
૩	અગ્નિ તત્વ	→ મણિપુર ચક્ર	→ નાભી સ્થાન	૩
૪	વાયુતત્વ	→ અનાહત ચક્ર	→ હૃદય સ્થાન	૪
૫	આકાશ તત્વ	→ વિશુધ્ધ ચક્ર	→ કંઠ સ્થાન	૫
૬	માયા-ઈશ્વર	→ આજ્ઞા ચક્ર	→ ભ્રકુટિ સ્થાન	૬
૭	પર બ્રહ્મ	→ સહસ્ત્રદળ કમળ	→ બ્રહ્મરંધ્ર (મસ્તક)	૭

		અંતઃકરણ	દેહ	તત્વોની ચલક
૧	અંકુર →	ચિદ	અંશ સ્વયં મેવ (શરીર)	→ વેડ્ઢાની ચલક
૨	નિજમન →	ચિદાભાસ	પ્રણવ દેહ	→ મહાતત્વની ચલક
૩		નચિંત	પરમ કારણ દેહ	→ જ્યોતિ ની ચલક
૪		ચિત્ત	મહાકારણ દેહ	→ ચ્યાર તત્વ કારણની ચલક
૫		અહંકાર	કારણ દેહ	→ તમો ગુણની ચલક
૬		બુદ્ધિ	સુક્ષ્મ દેહ	→ સત્વ ગુણ ની ચલક
૭	દ્વૈત →	મન	સ્થુલ દેહ	→ રજો ગુણ ની ચલક

પ્રથમ એક અદ્વૈત (અજન્મ)
દ્વૈત

સહીર ગતિ =

સ = પોતે (અંશ)

હીર = એટલે પોતાના સ્વભાવિય લક્ષણો
અકલ, આરત, સુરત
નરત ઐશ્વર્યતા ચૈતન્યતા

ગત = માયા – આ લક્ષણો થી માયા સહિર ગતિ વાળી થઈ – મુદ્દે માયા જડ છે.

અંકુર – ચેતન
બીજ – માયા – જડ
સત્વ અંકુર જડ
સહા = ૬ લક્ષણો ચૈતન્યના
પ્રણવ – જડ. બીજરૂપે
સત્વ – પ્રણવનું અંકુર જડ
(પ્રકાશ બ્રહ્મ) સ્વયં નો પ્રકાશ (જડ)

આઠ વૃતિ કર્તાની
૧ પ્રકાશ બ્રહ્મ વૃતિ ⑤ સજીવન વૃતિ
૨ સંગમ ભોગ વૃતિ ⑥ અંશ વૃતિ
૩ ઈચ્છાવર્તી
૪ ક્રીયા વૃતિ

ચાર સિદ્ધિ અંતઃકરણ

(૧) **પ્રથમ ચૈતન્યકારણ** → અંતઃકરણ સોહમ બ્રહ્મની ચલક રૂપે છે. પ્રાણતત્વની ચલક + પ્રકાશ બ્રહ્મ + સત્વ = સત્વ અંકુરની ચલક → આ ત્રણ બરાબર ચૈતન્યકારણ સિદ્ધિ અંતઃકરણ જે દરિયા સમાન કરવામાં આવે છે.

(૨) **કારણ અંતઃકરણ** → નિરંજન જ્યોતિ તત્વની ચલક ને કારણ સિદ્ધિ અંતઃકરણ કરેવામાં આવે છે.


(૩) [redacted] **કારજ અંતઃકરણ** → અવ્યાકૃત તત્વ ... કારજ અંતઃકરણ કરેવામાં આવે છે.

(૪) **કાજ અંતઃકરણ** → ત્રણ ગુણોની ચલકને કાજ અંતઃકરણ કરેવામાં આવે છે. (૧) રજોગુણ (૨) સત્વગુણ (૩) તમોગુણ

અંતર ભાવ → કર્તાનો ભાવ પોતાનો અંતરમાં હોય તેને અંતરભાવ કહે છે

બાહ્ય ભાવ → જ્યારે કર્તાનોભાવ બાહ્યદૃષ્ટિ સાથે એકી કરણ વાળો થાય ત્યારે તેને બાહ્ય ભાવ કરેવાય.

ભાવનાનું સ્વરૂપ → જ્યારે વિજાતિય તત્વ તથા બ્રહ્મસાથે એકીકરણ વાળો થાય ત્યારે તેને ભાવનાનું સ્વરૂપ કરેવામાં આવે છે.



① મહદ્ સમાનજ્ઞાન સ્વરૂપ ⟶ સ્વયંકર્તા ⟶ મહાશૂન્યાવકાશ ⟶ સ્થાનિય

② નિજ ચૈતન ⟶ નિજજ્ઞાન સ્વરૂપ ⟶ અંશ ⟶ શૂન્યાવકાશ ⟶ સ્થાનિય

③ પ્રકાશ બ્રહ્મ ⟶ સ્વયં ચૈતન્યનો પ્રકાશછે. આમાજ આ વૈરાટ નો ઉદય અસ્ત થાયછે. (કર્તા) કરેછે.

④ પ્રકાશ બ્રહ્મ ⟶ પ્રકાશબ્રહ્મમાં જે સ્વયંની દ્રષ્ટિ પડી તેને દ્રષ્ટિની સંજ્ઞા આપવામાં આવેછે.

⑤ પ્રકાશ બ્રહ્મ ⟶ એ ગ્રાહક = માયા તત્વથી પર ચૈતન્ય પ્રકાશબ્રહ્મ છે.

⑥ ચક્ષુ સત્વ ⟶ આને અંકૂરી વૃત્તિ કહેવામાં આવે છે.

⑦ ચક્ષુ ⟶ એટલે ચૈતન્ય ચક્ષુ ⟶ ① નૂરતા ⟶ જે નૂરમાં તાકે તેને નૂરતા કરેછે.

ચક્ષુ = એટલે ચૈતન્ય અંકૂર — ② સૂરતા ⟶ સૂર = પ્રણવ પ્રણવમાં તાકવું તેને સૂરતા કહેછે.

સત્વ = જડ અંકૂર ૧ અનંગ - ૨ વર્ગજ્ઞાન ૩ કાળ = ત્રણ — ③ અકળ ⟶ જે બધાને કળી શકે તેને અકળ કહેવામાં આવે છે. (જડ તત્વ પ્રદાર્થ આને કળી શકે નહિ)

ચક્ષુ + સત્વ = ચક્ષુસત્વ — ④ આરત ⟶ એટલે ~~[illegible]~~ વિહવળતા ⟶ વિરહ વેદના

લક્ષણ - લ + અ + ક્ષ + ણ = લ = લહવું ઓળખવું — ⑤ ઐશ્વર્યતા ⟶ જે ચૈતન્યનો ભપકો

અ = એટલે નહિ — ⑥ ચૈતન્યતા ⟶ વ્યાપક ચેતના શક્તિ ⟶ આ છ લક્ષણો ચૈતન્ય

ક્ષ = નાશ ણ = આણી અણી — અંશના તથા મહદમાં કર્તાના

મહાતત્વ ⟶ પ્રકાશબ્રહ્મવૃત્તિ ના ત્રણ મહાતત્વ ① અવિકાશ ② વિકાશ ③ કુંભસ્થ મહાતત્વ

નિરંજન જ્યોતિ ⟶ આ મહાતત્વોને મહાની ઉપમા કેમ આપવામાં આવીછે? કારણકે ⟶ નિરંજન જ્યોતિનું કારણ રૂપ હોવાથી તેને મહાતત્વની ઉપમાં આપીછે નિરંજન = નિર = પ્રણવ અંજન = માયા = નિરંજન — નિર ⟶ પ્રણવરૂપી પાણીનો શ્વાસ બનાવ્યો અને અંજનરૂપી માયાના પાંચ શરીરો બનાવ્યા છે. ① સ્થૂલ ② સુક્ષ્મ ③ કારણ ④ મહાકારણદેહ ⑤ પરમકારણદેહ બનાવ્યા છે

અવ્યાકૃત માયા ⟶ અવ્યક્ત + કૃત = અવ્યાકૃત ⟶ અવ્યકત એટલે દ્રષ્ટિ ગોચર ના થાય તેવા અદ્રશ્ય તત્વ = નિરાકાર ○ કૃત ⟶ એટલે આકૃતિ વાળા અવ્યકત તત્વનું ⟶

→ વ્યક્ત સ્વરૂપને કૃત કરેવામાં આવે છે.

અવ્યાકૃત માયા

↓ ચાર મહતત્વ કારણ { → અવ્યાકૃત તત્વનું મહત્વ પણાને મહતત્વ કરેવામાં આવે છે (૧) મહ તત્વ ↓

(૨) આનંદતત્વ કારણ → માયાની સ્ફુરણાને આનંદ તત્વ (૨) આનંદ તત્વ કહેવામાં આવે છે.

(૧) મહતત્વ (૧)

↓

(૨) ધનંજય તત્વ (૩) → ધનંજયા = દાન + સંજય = ધન = દ્રવ્ય તત્વ → જે તત્વ સંભઈ જાય તેને ધનંજય તત્વ કહેવામાં આવે છે. આ ધનજય તત્વ એ આકાશમાં રહેલું માયાનું સ્વરૂપ છે. તે નીચેના તત્વોને સાંજુ નાખે છે.

(૧) આનંદ તત્વ માથી (માયાની સ્ફુરણાને આનંદ તત્વ કહેવામાં આવે છે.

↓

(૨) પ્રકૃતિ તત્વ → જે સ્ફુરણા પામેલું આનંદ તત્વ તે આકૃતિની અંદર આવે છે. એટલે તેની આકૃતિ બને છે. તેને પ્રકૃતિ તત્વ કરેવામાં આવે છે.

↓

ત્રણગુણ

(૧) રજો → પ્રકૃતિતત્વની જે રજ → તેને રજોગુણ → કરેવામાં આવે છે.

(૨) સત્વ → પ્રકૃતિ તત્વનું જે સત્વ → તેને સત્વગુણ → કરેવામાં આવે છે.

(૩) તમો → પ્રકૃતિ તત્વનું જે અજ્ઞાનમય અંધારાણું → તેને તમોગુણ કરેવામાં આવે છે.

ત્રણ ધનંજય તત્વ માંથી ત્રણગાન ગાન = દૂત અથવા પરિવાર સાથે અર્થ થાય છે.

(૧) અહંકારગાન → ધનંજય તત્વનો ગાન = દૂત માયાનું અલગપણું આમાયામાં ઉતરેલું છે. માટે અહંમ આકારે આ તત્વ હોવાથી આને અહંકારગાન કરેવામાં આવે છે.

(૨) સ્વાકાશગાન → ધનંજય તત્વની સ્ફુરણારૂપ આકાશની અંદર પ્રગટ થાય તેને સ્વાકાશગાન કરેવામાં આવે છે.

(૩) અચંત ગાન → કોઈપણ પ્રકારનું ચિંતવન રહીત હોવાથી આગાનને અચંતગાન કરેવામાં આવે છે.

રજોગુણ

પાંચ [redacted] અંશથી ઉત્પન્ન

પંચ જ્ઞાન ઈન્દ્રીય સત્વ ગુણાંશ

						તત્વ ની	મઝા
૧	શ્રવણ	આકાંક્ષા	→	કર્ણ ઈન્દ્રીય	→	આકાશ તત્વ	શબ્દ
૨	શિતોષ્ણ	આકાંક્ષા	→	ચર્મ ઈન્દ્રીય	→	વાયુ તત્વ	સ્પર્શ
૩	નિરીક્ષણ	આકાંક્ષા	→	ચક્ષુ ઈન્દ્રીય	→	અગ્નિ તત્વ	રૂપ
૪	ક્ષુધ્ધા તૃષા	આકાંક્ષા	→	જીહ્વા ઈન્દ્રીય	→	જલ તત્વ	રસ
૫	સુંગધ	આકાંક્ષા	→	નાસિકા ઈન્દ્રિય	→	પૃથ્વી તત્વ	ગંધ

પંચ કર્મેન્દ્રીય રજોગુણ અંશથી

						તત્વ ની મઝા	
૧	ઉચ્ચાર	આકાંક્ષા	→	મુખ ઈન્દ્રિય	→	આકાશ તત્વ	શબ્દમાત્રા
૨	ગ્રહણ	આકાંક્ષા	→	હાથ "	→	વાયુ "	સ્પર્શ "
૩	ગમન	આકાંક્ષા	→	પાદુ "	→	અગ્નિ "	રૂપ "
૪	વિષય	આકાંક્ષા	→	લિંગ "	→	જલ "	રસ "
૫	મળ વિસર્જન	આકાંક્ષા	→	ગુદા "	→	પૃથ્વી "	ગંધ "

અહંકારગણ → પંચ ભૂત - પંચ માત્રા
(૧) પૃથ્વી તત્વ (૨) જલ તત્વ (૩) અગ્નિતત્વ (૪) વાયુતત્વ (૫) આકાશતત્વ
(૧) ગંધ માત્રા (૨) રસમાત્રા (૩) રૂપ માત્રા (૪) સ્પર્શમાત્રા (૫) શબ્દમાત્રા
સ્વાકાગણ → ૫ સંભસકરણ ૫ વ્યવસ્થા
(૧) સમતા સંભસકરણ (૨) સંતોષ (૩) શીલ (૪) સહેજ (૫) શાંત
(૧) સામાન્ય વ્યવસ્થા (૨) કુંભ (૩) ગલિત (૪) ઉદાર (૫) સ્થિતિ
અચેતગણની દશભાવના → (૧) અટમભાવના (૨) સ્તંભ (૩) વિસર્જન (૪) નિદ્રા (૫) સંઘટમ (૬) અચેત (૭) ઉચ્ચાટ (૮) અભાવ (૯) મૌન (૧૦) અસામર્થ્યભાવના.

સ્થુલદેહની દશઈન્દ્રીયો રજોગુણની ઈચ્છા આકાંક્ષાથી.
૫ - કર્મ ઈન્દ્રીય → રજોગુણાથી ઉત્પન્ન
૫ - જ્ઞાનેંઈન્દ્રીય → સત્વગુણાંશ અંશથી ઉત્પન્ન

સત્વગુણ

સત્વગુણ → માયાનું એક સત્વ છે.
સત્વગુણનાં → (૫) અંતઃકરણ
સત્વગુણની → (૫) અવસ્થા

	અંતઃકરણ ૫	દેહ		અવસ્થા ૫	દેહ
૧	ચિત	પરમકારણ દેહ	૧	ઉનમુની	પરમકારણ
૨	ચિત્ત	મહાકારણ દેહ	૨	તુર્યા	મહાકારણ
૩	અહંકાર	કારણ દેહ	૩	સુષુપ્તા	કારણ દેહ
૪	બુદ્ધિ	સુક્ષ્મ દેહ	૪	સ્વપ્ન	સુક્ષ્મ દેહ
૫	મન	સ્થૂલ દેહ	૫	જાગ્રત	સ્થૂલ દેહ

તમોગુણ

તમોગુણના દશ કાળ

૧	કામના કાળ	૬	અકાળ કાળ
૨	પૃથક "	૭	આશ્ચર્ય કાળ
૩	અજ્ઞાન "	૮	રાગસ કાળ
૪	સ્વભાવ "	૯	વિપરીત કાળ
૫	દ્વૈષ કાળ	૧૦	વૃદ્ધિ અંતકાર

પંચ અંતઃકરણની વ્યાખ્યા — સમજુતિ સાત અંતઃકરણ

(૧) **ચિદ** → અંત = કિરણ કરણ = જ્ઞાનનુ સાધન ચિદ = અંકૂર = સત્વ અને અતઃ = કિરણની ચમક કારણ = જ્ઞાનનું સાધન એટલે નિજભાણ સ્વરૂપ અંશની કિરણ રૂપ સ્વજાણભાણ નૈન = દૃષ્ટિ ને ધારણ કરનાર સત્વની જે ચલક તે કરણરૂપે એટલે જ્ઞાનના સાધનરૂપે ગણાયછે. આ ચક્ષુસત્વની ચલક છે. (દેર સાતમાં અંશ સ્વયં મેવ શરી) નું અંતઃકરણ — ચિદ = ચૈતન્ય અંકૂર

(૨) **ચિદાભાસ અંતઃકરણ** → નિજમન અને પ્રાણવદેદ મહાતત્વની ચલક મહાતત્વોની જે ચલક — ચાકાર તે ઉપરના ચિદ અંતઃકરણ ચલક અંશના કિરણની ચમક આ બન્નેના ભાસને ધારણ કરનાર સાધનને ચિદાભાસ અંતઃકરણ કહેવામાં આવેછે.

(૩) **અચિંત અંતઃકરણ** → આકાશ તત્વના પરમ કારણ દેહનું અંતઃકરણ હોઈ નિરંજનજ્યોતિતત્વની ચલક અને અવ્યાકૃત તત્વની ચલક આ બન્નો ચલક સ્થિર હોઈ આ અચિંત અંતઃકરણ નીચેના ચારે અંતઃકરણ જેવું ચિંતવન ગતિવાળું નથી

(૪) **ચિત્ત અંતઃકરણ** → ચિત = ચિંતવન કરે તેવું એટલે ચારે મહાતત્વોના જૂથનૈરૂપે જે મહાકારણદેહછે. તે ચારે મહતત્વ કારણની ચલકને ઉપરના અંતઃકરણો એ ધારણ કરવાથી ચલાયમાન ચિંતવન વાળું થયું છે.

(૫) **અહંકાર અંતઃકરણ** → અહમ = અહંમભાવ — કાર = તેરૂપ થઈજવું એટલે કારણદેહના તમોગુણ અને અગ્નિતત્વની ચલક ને ઉપરના અંતઃકરણો એ ધારણકરવાથી અહમપણાની વૃદ્ધિ થવી તેને અહંકાર અંતઃકરણ કહેવાય છે.

(૬) **બુદ્ધિ અંતઃકરણ** → બુદ્ધ્યતે ઇ — બુદ્ધિ અંતઃકરણ સુક્ષ્મદેહનું પ્રધાન અંતઃકરણ ગણાતું હોઈ બુધ્ધ એટલે નિશ્ચાત્મક નિર્ણય કરનાર છે. કારણકે અહિં આ બુદ્ધિ અંતઃકરણ જે સત્વગુણની ચલક અને જલતત્વની ચલક ને ઉપરના અંતઃકરણો એ ધારણ કરેછે.

(૭) **મન અંતઃકરણ** → આ દ્વૈતમન અંતઃકરણ સ્થૂલદેહાકાર પૃથ્વીતત્વની ચલક ને ઉપરના અંતઃકરણો એ ધારણ કરવાથી આ ઉપરોક્ત અંતઃકરણોની વૃતિ સ્થુલાકાર = દેહાધ્યાસ વાળી થવાથી સ્થૂલદેહમાં રમણ કરવાની ગતિરૂપે જે અંતઃકરણોની વૃતિને દ્વૈતમનની ઉપમા કે સંજ્ઞા આપવામાં આવેછે.

ઉપજાણ

● પ્રથમ મહદ્ સમાણજાણ સ્વરૂપ → ની અંતર વૃતિમાંથી એક અદ્વૈત ઉપજાણ અણચિંતવી અચાનક ઉદ્ભવી આ ઉપજાણને ઉદ્ભવવાનું કારણ → એક કલ્પ ભરનો સમય ગણાય છે

ઉપજાણ ઉપજવાનું કારણ → એક કલ્પભરનો સમય.

● હવે જે પ્રથમ અચાનક મહદ્ સમાણજાણ સ્વરૂપની અંતર વૃતિમાંથી જે અણચિંતવી અચાનક આ અદ્વૈત ઉપજાણ ઉપજ્યું તે અદ્વૈત ઉપજાણ ગણાય છે કેમકે તે ઉપજાણ એ મહદ્ સમાણજાણ સ્વરૂપનું એક ચૈતન્ય ચિંતવન છે. ● પરંતુ તે ચૈતન્ય ચિંતવનમાં સાક્ષીદ્રષ્ટા પણાનું લક્ષણ નથી તેથી આ ચૈતન્ય ચિંતવનને સ્વજાતિય કહેવાય નહિં.

મહદ્ સમાણજાણ સ્વરૂપની અંતરવૃતિમાંથી જે અદ્વૈત ઉપજાણ ઉપજ્યું તેને મહદ્ સમાણજાણ સ્વરૂપે પોતાના અંતરનૈનથી જાણી અને બાહ્ય નૈનથી જોઈ તેના પર અંતર બાહ્યનૈન પર ભાવ ધારણ કરી તેને અંતર—ભાવ— અને બાહ્યભાવ કરવામાં આવે છે. આટલું મળી એક અદ્વૈત ઉપજાણ કરવામાં આવે છે.

● હવે. આ અદ્વૈત ઉપજાણમાં સ્વકર્તા (મહદ્ સમાણ જાણ સ્વરૂપ ની અજમાલ વૃધ્ધિ = બરાબર ((૧) સુરતા (૨) નુરતા (૩) અક્કલ (૪) આરત (૫) ઐશ્વર્યતા (૬) ચૈતન્યતા) આ છ હરકમો મળીને અજમાલ વૃધ્ધિ કરવામાં આવે છે. તે અજમાલ વૃધ્ધિ ઉપરોક્ત અદ્વૈત ઉપજાણમાં મળવાથી

● → **દ્વૈત ઉપજાણ થઈ** . ↓ **ઉપજાણનો અંશ (જડ)**

● ⟹ મહદ્ સમાણજાણ સ્વરૂપનું ચૈતન્ય ચિંતવન એ ઉપજાણનું મૂળ સ્વરૂપ છે. તેવીજ રીતે નિજજાણ સ્વરૂપ અંશનું ચૈતન્ય ચિંતવન તેને અલ્પ ઉપજાણ કરવામાં આવે છે.

આ ઉપજાણ મહદ્ સમાણજાણમાં અને નિજ જાણસ્વરૂપ અંશમાં પણ ઓતપ્રોત રહેલી છે. પણ મિસરીવત્ નથી.

પંચ — અવસ્થાઓ — તેકયાકયાં સ્થાનમાં કઈ કઈ અવસ્થા ભોગવે છે.

૧	નેત્ર સ્થાને	→	જાગ્રત અવસ્થા ભોગવે છે.
૨	કંઠ સ્થાને	→	સ્વપ્ન અવસ્થા ભોગવે છે.
૩	હૃદયસ્થાને	→	સુષુપ્તિ અવસ્થા ભોગવે છે.
૪	નાભીસ્થાને	→	તુર્યા અવસ્થા ભોગવે છે.
૫	બ્રહ્મરંધ્ર	→	ઉન્મુની અવસ્થા ભોગવે છે.

પાંચ તત્વના પાંચ સુક્ષ્મ પ્રાણાયમ તે પાંચ પ્રાણવાયુ જાણવા

૧	પૃથ્વીતત્વનો	→	અપાન વાયુ
૨	જળતત્વનો	→	પ્રાણવાયુ
૩	અગ્નિતત્વનો	→	ઉદાન વાયુ
૪	વાયુતત્વનો	→	વ્યાન વાયુ
૫	આકાશતત્વનો	→	સમાન વાયુ

આ પંચતત્વના પંચ પ્રાણાયમ તે પાંચ તત્વોના મૂકાતા શ્વાસના પ્રાણાયમ જાણવા

સોહમ્ સ્વાસા સ્વસમહી । પ્રણવ પ્રાહ્લમ્ જેહ ॥
અખિલ લોક અંતરજપ । શ્રી વેદ પંચમ તેહ ॥

આદિ, સકલ, સ્વરાજ, કરૂણેશ, કૈવલ કર્તા ત્વં નમામિ.

હવે પાંચ તત્વના લેવાતા શ્વાસના પાંચ પ્રાણાયમના પાંચ ઉપશમ વાયુ જાણવા

૧	પૃથ્વીતત્વ	નો →	કૂર્મ ઉપશમવાયુ
૨	જળતત્વ	નો →	કક્કલ ઉપશમ "
૩	અગ્નિતત્વ	નો →	દેવદત " "
૪	વાયુતત્વ	નો →	નાગ વાયુ " "
૫	આકાશતત્વ	નો →	ધનંજય વાયુ " "

ચોપાઈ

૧ પિંડ બ્રહ્માંડકે બીચ ઘર સ્વર સદ,
તા મધ્યે અરસતુ દરશ દેવા ॥

૨ મહદ અંશ મહારાજકે જનીત ભયે સો ભલ,
સો જનીત કે જનન સો આપે કૈવલ ॥

૩ બ્રહ્મવેલા જુગમે જનજેતા જીસું વ્યાપક વિત્ત થાના;
કહે કુબેર પેર વિત્ત, તારન સો પતિ પરમ અયાના ॥

૪ આદ્ય પુરૂષ અગમ ઘરકેરી, મોહે બતાવો નિશાની.
તત્વ વિવેક શોધ કરી સમજાવો, તબ માનું સાચા જ્ઞાની ॥

૫ પાંચ તત્વ તત્વમાં મૂકો મનમૂકો ચેતન માંહી.
છતે પીંડે સોહ્ય વરેંચો, ફીર ઉદર મે નાહી. ॥

૬ સોહંગ સાહેબ નામ હમારા, નિજ કૈવલ પદ વાસી. ।

પંચમ શ્વસંવેદ → જે જે મહાપુરૂષો થયા તેતે મહાપુરૂષો બાહ્યવૃત્તિનો ત્યાગકરી અંતરવૃત્તિ માંહે સ્થિર થયા તે અંતરવૃત્તિનો જે લક્ષ (સોહંમ પ્રાણવ), તેનુ નામજ પંચમ શ્વસંવેદ છે. બ્રહ્માંભરના ભૌતિક પંચતત્વો ધારોની આધ લઈ તે ત્રામના અંતરપટમાં સોહંગ પ્રાણવ રહેલો છે. આ જે સોહંમ પ્રાણવ તેનુ નામજ પંચમ શ્વસંવેદ છે. આ પ્રાણવમાં સંપૂર્ણ વિભૂતિઓ રહેલી છે પણ મહાન સમર્થ સદ્ગુરૂ સિવાય તે વિભૂતિઓને કોઈ બહાર કાઢી શકે તેમનથી.

(૫૨) અક્ષરની ઉત્પતિનું કારણ સોહંગપ્રાણ છે. અને તે અક્ષરો વડે ચારવેદની રચના આદિપુરૂષે કરીછે. આચાર વેદ વડે સમસ્ત જગતનું બંધારણ થયેલું છે. તે અંદર આજગતમાં નીતિ નિયમથી કેવીરીતે વર્તવું તેનું પ્રતિપાદન કરેલું છે. પણ જેણે ભવ પારંગત થવું હોય તેને આ સોહંમ પ્રાણવ લક્ષમાં સ્થિર થયા સિવાય અને આપનપુનો (પોતાના સ્વરૂપનો) અનુભવ થયા સિવાય પતિપદ (કૈવલ) નો અનુભવ થતો નથી. અને આ અનુભવસિવાય અંશો (જગતના જીવો) ભવપારંગત થતા નથી આ અંશોને ભવપારંગત થવામાટે જ પરમગુરૂ એ આ પંચમ શ્વસંવેદની ગ્રંથની રચના કરી લક્ષ (સોહંગપ્રાણવનો) નું વર્ણન જણાવ્યું છે. આ લક્ષ બહાર દેખાવના ત્યાગથી નવપ્રકારની ભક્તિથી પ્રાપ્ત થાય તેમ નથી. પણ પરમગુરૂએ જે લક્ષ આ પંચમ શ્વસંવેદ માં સમજાવ્યો છે. (સતકૈવલ)

O ——— OOO ——— O ——— O

વેદમત પ્રમાણે → શરીરમાં રહેલા વ્યાપક ચેતનને આત્મા કહેવામાં આવેછે.

પરમગુરૂ ના ન્યાયે → જ્યારે પરમગુરૂ આત્મા જેને કહે છે. તે સોહંમ પ્રાણવ અને તેમા રહેલું વ્યાપક ચેતન (સત્તાચેતન) આ બે મળીને આત્મા કહેવામાં આવે છે. આત્મા જડ છે. પણ તેનામાં જાણપણું ન હોવાથી તેને જડની તથા શુદ્ધ પણાની સંજ્ઞા આપવામાં આવીછે. આ પરમ કૃપાળુ પરમગુરૂ (ના ન્યાયે). જ્યારે વેદાંત ન્યાયે આ વ્યાપક ચેતન આત્માને સાક્ષી દ્રષ્ટા કહેવામાં આવેછે.

માયા → માયાનું છેલ્લું અવશેષ વ્યાપક સ્વરૂપ પ્રકાશ-બ્રહ્મની અંદર વ્યાપક રીતે લીન થઈને રહેલું છે. માયાનો નાશ થતો નથી પણ માયા એ પરીણામ વાળી વસ્તુ છે. તેનો અત્યંત નાશ કહેવાય નહિ.

પ્રલય → પ્ર+લય= પ્રલય પ્ર = પ્રકૃતિ — લય એટલે કાર્ય કારણ રૂપે એક બ્રહ્મમાં લય પામવું તેને પ્રલય કરેવામાં આવે છે. પ્રલય પૃથ્વી થી લઈ સત્વ = અંકૂર સુધીનો થાય છે.

લય ફક્ત (૩) વસ્તુનો થતો નથી (૧) મરદ શુન્ય (૨) પ્રકાશ બ્રહ્મ (૩) મરદ સ્માણભાણ સ્વરૂપ = સ્વયં કર્તા)

વ્યષ્ટી પિંડ → એટલે પ્રત્યેક વ્યકિતને વ્યષ્ટિ કરેવામાં આવે છે. જડ કે ચેતન

સમૃષ્ટિ → એટલે વૃષ્ટિ સમુહને સમૃષ્ટિ કરેવામાં આવે છે.

નિરાકાર → જે સ્વસંવેદ બ્રહ્મ — જે નિરાકાર તત્વ નિરાકાર તત્વની ભૂમિકા → પ્રકાશ બ્રહ્મ અને પ્રકાશ બ્રહ્મમાંથી નિરાકાર તત્વનો અનુક્રમે ઉદય થાય છે અને તે સકર્તા પાત કરે છે.

આ નિરાકાર તત્વમાંથી સકર્તા એક બીજા તત્વોની વિભાગી મેળવણી કરીને સમૃષ્ટિની રચના પહેલા કરે છે. અને આ સમૃષ્ટિમાં વ્યષ્ટિ પિંડોની રચના તેમા કરે છે. લઘુ દિર્ઘ આધારે સકર્તા પિંડોની રચના સમૃષ્ટિમાં કરે છે પણ પ્રકાશ બ્રહ્મમાં કરતા નથી પણ નિરાકાર તત્વોનો ઉદય અનુક્રમે પ્રકાશ બ્રહ્મમાંથી કરે છે. અને નિરાકાર તત્વની વિભાગોનું મિશ્રણ કરીને બ્રહ્મમાં સમૃષ્ટિની રચના કરે છે. અને સમૃષ્ટિની રચનામાં વ્યષ્ટિ પિંડોની રચના કરે છે. જેવા કે લક્ષ ચૌર્યાશી ઘાટાની

નિજભાણ સ્વરૂપ ચૈતન્ય અંશનું લક્ષ → જ્યારે વૃધ્ધિ પામેલા અને જીવીત થયેલા તત્વોને અથવા સમુહને શરીરોને જાણવું અને જોવું - ઓળખવું આ લક્ષણો નિજભાણ સ્વરૂપ ચૈતન્ય અંશના છે.

વ્યાપક ચેતન નું લક્ષણ → જે જડ તત્વોને જીવીત કરે અને વૃધ્ધિ કરે આ વ્યાપક ચેતનનું લક્ષણ છે.

ચૈતન્ય વૃતિ → ને આવક જાવક નથી પણ માયાવી તત્વ પ્રદાની આવક જાવક છે. અંશનો ભાવ → તત્વ પ્રદાર્થ તત્વ પ્રદાર્થની આવક જાવક છે. અંશનો ભાવ તત્વરૂપ થવાથી બંધન વાળી થઈ ભાવ ભીજાયો તત્વોમાં મોટે વૃતિ પકડે છે. જ્યારે અંશનો ભાવ તત્વોથી વિમુખ થાય ત્યારે આ વૃતિની પકડ છૂટી જશે આ વૃતિ શરીરમાં વ્યાપક છે. (પ્રાણવમાં સમજવાનું) અને પ્રાણવ શરીરની અંદર વ્યાપક છે.

○ પ્રકાશ બ્રહ્મમાં → અંશની દૃષ્ટિ જ છે. ઉત્પતિ સ્થિતિ અને લય વાળા તત્વોમાં સાથે સંજોગવાળી દૃષ્ટિ થવાથી તેને ○ વૃત્તિ ⇒ ની સંજ્ઞા આપવામાં આવે છે.

○ બ્રહ્મ → અદ્વૈત છે. અંશ એ અદ્વૈતાતીત છે. અને મહદસમાન જ્ઞાનસ્વરૂપ – સ્વકર્તા અદ્વૈતાતીત થી અતિત છે.

ચાર ખાણી નાનામ

1. જરાયુજ ખાણ → જેટલા ઓળ ની અંદર ઘાટ બને તેને જરાયુજ જાતિ કહેવામાં આવે છે.
2. સ્વેદજ ખાણ → પરસેવામાંથી ઉત્પન્ન થયેલી જાતી તે સ્વેદજ જાતિ કહેવામાં આવે છે.
3. ઈંડજ ખાણ → જેટલા ઈંડામાંથી ઉત્પન્ન થાય છે. તેને ઈંડજ જાતિ કહેવામાં આવે છે.
4. ઉદ્‌ભીજ ખાણ → પૃથ્વીમાંથી બીજનો ઉદ્‌ભવ થઈ ને જે વૃક્ષ જાતિ (સ્થાવર) બને છે તેને ઉદ્‌ભીજ ખાણ કહે છે.

○ વૈરાટ ના → તત્વોની અંદર વ્યાપક ચેતન સત્તા હોય.

○ વૈરાટ માં → કર્તાની વ્યાપક ચેતનસત્તા છે. પણ → સર્વજ્ઞ ગતિ નથી
વેજ પિંડના શુન્યાવકાશમાં કર્તાનો (અંશ) હોય અને ○ મહદ શુન્યાવકાશમાં સ્વકર્તાનું નિવાસસ્થાન છે.

○ વૈરાટ → એ કર્તાનું કૃત છે. તો કૃતમાં (વ્યાપક ચેતન સત્તા) જ હોય.
કૃતરૂપિ વૈરાટ ઈંડના → શુન્યાવકાશમાં કર્તાની સર્વજ્ઞ ગતિ છે. આજ વૈરાટમાં લક્ષ ચૌર્યાસી પિંડો છે. તે પિંડોની અંદર રહેલા શુન્યાવકાશમાં કર્તાના (અંશો) બિરાજમાન છે.

બ્રહ્માંડ → બ્રહ્મ + અંડ = બ્રહ્માંડ

એટલે વૈરાટ = ઈંડ વૈરાટ એ માયાનું બનેલું છે.

પ્રકાશ બ્રહ્મ ભૂમિકા — વૈરાટમાં પિંડોનો ઉદય અસ્ત થાય છે. વ્યષ્ટિ = પિંડ = એકજ

પ્રકાશ એ ચૈતન્યનો પ્રકાશ છે. — સમષ્ટિ એટલે → બ્રહ્માંડ = વૈરાટ

(પ્રકાશ બ્રહ્મ)
અને તેમાજ વૈરાટનો ઉદય અસ્ત થાય છે.

- સંકલ્પ → સં — બરાબર સ્ફુરણા કરવાની ચૈતન્ય શક્તિ (સંવેદન શક્તિ)
  અને આ સંવેદન શક્તિ એક કલ્પ પર્યન્ત ચાલુ જ રહે છે. આજ સંવેદન શક્તિ પ્રકાશ બ્રહ્મમાં તત્વોનો ઉદય કરે છે. વિસર્જન પણ એજ કરે છે. સંકલ્પ એ સહર્તાની એક કલ્પ ભર સુધી સ્ફુરાયમાન કરવાની શક્તિ છે.
- સંકલ્પી → નો સંકલ્પ છે. (શુદ્ધ સંકલ્પ) ચેતનનો = હરી = સોઽહમ પ્રણવ - પરમાત્મા — સોઽહમ પ્રણવ હર = શ્વાસ (
  ચૈતન લહરી = સોઽહમ પ્રણવ **પરિક્રમા = પર + ઈ + ક્રમા = આ (પરિક્રમા)** (પુરુષ પ્રકૃતિને લાગુ પડે છે.
- અલ્પ હંગ → હ + અંગ = બરાબર હંગ
- હું → તે અંશની જાણનો → એક હુંકાર છે તે જાણનો અથવા નિજ જાણ સ્વરૂપ અંશનો અહંમ છે.
  - સજાણુ જાણ વૃતિ → તે નિજ જાણ સ્વરૂપની એક ચૈતન્ય વૃતિ
- અહંગ → છે. એ નિજ જાણ સ્વરૂપ અંશનો એક ભાવ છે.
- હુંકાર + ભાવ → આ બન્ને નિજ જાણ સ્વરૂપના લક્ષણ છે. પણ તે બન્ને લક્ષણોમાં દ્રષ્ટાપણા તેજ સાક્ષી પણાનો અભાવ છે.
- સજાણ જાણ વૃતિમાં → સાક્ષી દ્રશ્યપણું છે. ભાવનો મુકામ જાણમાં હોય અને હુંકારનો મુકામ જાણમાં હોય
- જાણ → અંશ — આ અંશનો મુકામ શુન્યાવકાશમાં હોય
- મહદ હંગ → મહદનો હુંકાર છે. માટેજ મહદ હંગ કહેવાય છે. હુંકાર એ આ મહદ સજાણ સ્વરૂપનોજ છે. મ + હંગ = મહદહંગ
  પિંડ બ્રહ્માંડના ભેદ કરી સર્વજ્ઞ અને અલ્પજ્ઞ હંગ કહેવામાં આવે છે સર્વજ્ઞ = સર્વ + જ્ઞા = જાણવું
  સર્વ = માયિક તત્વજ વૈરાટના તત્વ સામગ્રીને જાણવું

> મહદ અંશ મહારાજ કે, જનીત ભયે સો ભલા
> સો જનીત હે મનન, સો આપે કેવલ ।।

શબ્દોના અર્થ — ભલા = ભલીરીતે મહારાજ — મહદ અજાણ સ્વરૂપ = સકર્તા પોતે
જનીત = પ્રગટ થવું

ટીકા → સકર્તા સતકેવલના મહદ અંશ એટલે પ્રકાશબ્રહ્મની અંદર વ્યાપક વિભૂતિની અંદર રહેલા શુન્યાકાશમાં — જેઆણ સ્વરૂપ છે તેને મહદ અંશ કહેવામાં આવે છે. જ્યારે વ્યાપક વિભૂતિનું જે શરીર પ્રગટ કર્યું તેની અંદર રહેલા શુન્યાઆકાશમાં ની અંદર જે આણ સ્વરૂપ પ્રગટ રહેલું છે તે મહદ અજાણ આણ સ્વરૂપ સાથે ઐક્યતાવાળું છે. તેને પરમ વિશેષ અંશ કહેવામાં આવે છે.

○ બ્રહ્મરંધ્ર ⟶ જે બ્રહ્મ છે તે અંશનો પ્રકાશ છે. અને તે વ્યાપક છે. એટલે પિંડની અંદર જે અને બહાર આરપાર વ્યાપી રહેલ છે. પિંડ બ્રહ્માંડમાં આરપાર વ્યાપી રહેલ છે.

○ રંરંકાર પ્રાણવ ⟶ ૧ પ્રાણવતત્વ + નિરંજનજ્યોતિ ⟶ નિરંજનનો રેચક શ્વાસ તે નરમ છે જ્યારે અવ્યાકૃત તત્વનો લેવાતો શ્વાસ પુરક કડો છે નિરંજન જ્યોતિતત્વનો જે સ્પર્શવાળો પ્રાણવ થયો અને જ્યોતિની અંદર વ્યાપીજઈને જે પ્રાણવ પ્રગટ થયો તેનું નામ રંરંકાર પ્રાણવ રં+ધ્ર = રંધ્ર ધ્ર એટલે ધુજારી ઓજ રં = રંરંકાર પ્રાણવ
નિરંજન જ્યોતિની ઉત્પતિ → પ્રાણવ તત્વમાંથી હોવાથી પ્રાણવ તત્વની ગ્રંથી નિરંજન જ્યોતિ સાથે બાંધવામાં આવી છે. તેનું કારણ એ છે કે પ્રાણવમાંથીજ નિરંજન જ્યોતિની ઉત્પતિ થયેલી છે. તેથી તે પ્રાણવની ગ્રંથી બાધની પ્રથમ શ્રેણીનું તત્વ અધિકારી તત્વ છે. આ સિવાય બીજા સાથે ગાંઠ વાગે નહિ (વિકાશ તત્વની ગાંઠ નિરંજનતત્વ સાથે) અને અવિકાસની ગાંઠ અવ્યાકૃત તત્વ સાથે મારી આ પ્રાણવ, શરીરને પ્રુષ્ટ કરવામાં અવિકાશ છે.
પ્રાણવ વ્યાપક નથી તેમજ પ્રકાશબ્રહ્મની અજાતી નથી પણ બ્રહ્મ વ્યાપક છે.

○ સંધી = જોડાણ

○ પિંડ બ્રહ્માંડકે બીચ ઘર સ્વર સદ ।। તા મધ્યે અરસતુ દરશ દેવા ।।

શબ્દાર્થ — પિંડ = વ્યષ્ટિ બ્રહ્માંડ = સમષ્ટિ બીચ = મધ્યે ઘર = અગાધગતિ સ્વર = પ્રાણવ સદ = સહજ તામધ્યે = બ્રહ્મમાં અરસતુ = અંતરીક્ષ શુન્યાવકાશમાં દરશ = દેખાવું દેવા = ઈશ — ટીકા → વ્યષ્ટિ સમષ્ટિની મધ્યે જે પ્રાણવ રહેલ છે. તે ઘર પ્રકાશ બ્રહ્મ છે. તે પ્રકાશબ્રહ્મ મધ્યે શુન્યાવકાશમાં અંતરીક્ષ નિજઆણસ્વરૂપ અંશ = નિરાણદેવ પ્રગટ છે.

કરૂણાસાગર = વિભૂતિ અને તે જડવસ્તુ છે. વિવિશેષ = ભૂત = તત્વ એટલે તત્વના સત્વ = અંકૂર (જડ) ને વિભૂતિ કહેવામાં આવે છે.

પ્રણવનું અંકૂર ત્રણછે. યક્ષસત્વ ① અનંગ જિલાવટ કરે → જીલાવટને છેકે જ્યાંએ પરોયાડે તે કર્ણશાન ② અને માશ પ્રત્રાડે તે
કાળ યક્ષ સત્વ. ③

પિંડ → એ જીવ સૃષ્ટિ   વૈરાટ   છે તે ઈશ્વરી સૃષ્ટિ (નિરંજન સુધી હદ)

હિવ્ય તત્વોની જે સૃષ્ટિ છે તે હંસ સૃષ્ટિ (બ્રહ્મ સુધી)

અંશ = નિજ્ભાણસ્વરૂપ   અંશ એટલે હુંકાર રહિત = શુધ્ધ   હંસપુરૂષ = હુંકાર સહિત

○ —— ખટદર્શી સિધ્ધાંત ની હદ -- વિષે વર્ણન —— ○

① કુળ દર્શી → પુરૂષોની હદ (ગતિની) → કુળના દેવ સુધી (પોતાની જ્ઞાતીમાં) (દ્રઢ વિશ્વાસ હોય)

② આહાર દર્શી → પુરૂષોની ગતિની હદ → આહારની હદ સુધી (પ્રાણવ) હું પોતે પ્રાણવાયું છું એવી દ્રઢતા અને
સર્વમાં પ્રાણ સર્વસ્વ છે. (પ્રાણનો આહાર)

③ દેવ દર્શી → પુરૂષોની ગતિની હદ → ત્રણ ગુણના દેવ સુધી ૧ રજોગુણ (બ્રહ્મા) ૨ સત્વગુણ (વિષ્ણુ) ③ તમોગુણ (શંકર)

④ પ્રકૃતિ દર્શી → પુરૂષોની ગતિની હદ → ઈન્દ્રિયો - અંતઃકરણ - પંચભૂત સુધીની સમજણ (સાડાત્રણ હાથના શરીરવાળો)
શક્તિ સુધી (માયાના ઉપાસક જુવો → હું તથા જગત માત્ર વિષયથી
ઉત્પન્ન થયેલા છે. તે સિવાય ઉત્પતિ નથી.

⑤ જીવ દર્શી → પુરૂષોની ગતિની હદ → સત્ય જ્યોતિ નારાયણ (આનાથી ઉપરના ચાર નું જ્ઞાન ઉતરતું છે.)

⑥ આત્મ દર્શી → પુરૂષોની ગતિની હદ → બ્રહ્મ સુધી (હું બ્રહ્મ છું)

⑦ નિજ દર્શી → અંશોની હદ બ્રહ્મથીપર   (કેવલકર્તા સાથે) છેલ્લી હદ (પરમગુરૂના ન્યાયે)
આનાથી ઉપરના ખટદર્શી નું જ્ઞાન કર્તાના કતસુધી છે.
અને ઉતરતું છે. -
(પતિપદ અને આપનપું) નિજ દર્શી = નિજભાણસ્વરૂપ અંશ.

રમેતીરામ

○ પ્રકાશબ્રહ્મ → માંથી પ્રથમ એક મહાન અંકુરનો પ્રસવ થયો. તેનામ (સત્વ અંકુર) આ અંકુર પ્રકાશબ્રહ્મમાં થીજ ઉદ્ભવેલું છે.

↓

○ સત્વ અંકુર → અનંગ - વર્ણશાન. કાળ ચક્રસત્વ (પ્રાણવનું અંકુર)

○ મહતત્વ → પ્રાણવ તત્વ (વિકાસ, અવિકાસ, કુંભસ્થ) (પ્રાણવ બીજક રૂપે.)

↓

○ નિરંજનતત્વ → પ્રાણવ તત્વ + નિરંજનતત્વ = આ બન્ને મળી રેચક શ્વાસ થયો જેને રકાર પ્રાણવ કરેવામાં આવે છે

↓

